| | | |
|---|---|---|
| **ધોરણ- 7 (એકમ- 17-18-19 )** | **પ્રશ્નબેંક** | **તારીખ:16/3/2024** |
| **સમય- 1 કલાક** | **ગુજરાતી** | **કુલ ગુણ - 25** |

**G 707 :** સમાચારપત્રો, સામયિકો, રેલવે- બસ સમયપત્રક, કોષ્ટક,ટાઈમ ટેબલ વગેરે જેવી વિગતો વાંચે છે તથા જરૂરી વિગતો તારવે છે.

પ્રશ્ન-1. નીચેનામાંથી કોઇપણ એક વિભાગ પસંદ કરી માગ્યા મુજબ લખો. **(**ગુણ-5)

(1) નીચે આપેલ બીલનો અભ્યાસ કરી પશ્નના ઉત્તર લખો.

| કલશોર પુસ્તક ભંડાર, આણંદ<br>**ગ્રાહક નો સંતોષ એજ અમારો નફો** | | | | |
|---|---|---|---|---|
| શ્રી / શ્રીમતી : વિરાટકુમાર એ. જાડેજા | | | તારીખ- 5મી સપ્ટેમ્બર | |
| ક્રમ | વિગત | નંગ | ભાવ | રકમ |
| **1** | પેન્સીલ બોક્ષ | **2** | **10** | **20** |
| **2** | સંચો | **4** | **05** | **20** |
| **3** | સ્કેચપેન | **3** | **25** | **75** |
| **4** | કમ્પાસ | **1** | **45** | **45** |
| **5** | ગુંદર | **1** | **15** | **15** |

1. આપેલ બિલમાં સૌથી મોંઘી અને સસ્તી વસ્તુ કઈ છે ?
2. ગ્રાહક કોને કહેવાય ?
3. આ દુકાનનું ધ્યેય વાક્ય કયું છે ?
4. ચિત્રકામ માટે તમે ઉપરોક્ત દુકાનમાંથી કઈ કઈ વસ્તુઓ ખરીદશો?
5. 5મી સપ્ટેમ્બર ક્યા દિવસ તરીકે ઉજવાય છે**?**

(2) નીચે આપેલ સમયપત્રકનો અભ્યાસ કરી પ્રશ્નના ઉત્તર લખો.

| તાસ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| 1 | ગણિત | વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન | અંગ્રેજી | સમૂહકવાયત |
| 2 | ગુજરાતી | ગુજરાતી | વિજ્ઞાન | હિન્દી | ગણિત | ગુજરાતી |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3 | હિન્દી | સા. વિજ્ઞાન | ગુજરાતી | સંસ્કૃત | ગુજરાતી | ગણિત |
| 4 | સા.વિજ્ઞાન | સંગીત | ગણિત | સા. વિજ્ઞાન | સા. વિજ્ઞાન | સા.વિજ્ઞાન |
| 5 | સંસ્કૃત | સંસ્કૃત | સંસ્કૃત | અંગ્રેજી | વિજ્ઞાન | સંસ્કૃત |
| 6 | અંગ્રેજી | ચિત્ર | શા.શિક્ષણ | કાર્યાનુભવ | ગણિત | |

1. કયા વારે ભાષાઓના વધુ તાસ ભણવાના આવશે?
2. સંસ્કૃતનો તાસ વિદ્યાર્થીઓને કયા વારે આવતો નથી?
3. કાર્યનુભવના તાસમાં કરાવવામાં આવતી કોઇપણ બે પ્રવૃતિના નામ લખો.
4. અઠવાડિયામાં ભાષાઓના કુલ કેટલા તાસ આવે છે?
5. અઠવાડિયામાં ગણિત અને વિજ્ઞાનના કુલ કેટલા તાસ આવે છે?

(3) નીચે આપેલ સમયપત્રક નો અભ્યાસ કરી પ્રશ્નના ઉત્તર લખો.

| | અમદાવાદ | વડોદરા | દાહોદ | ગાંધીનગર |
|---|---|---|---|---|
| સૂર્યોદય | 6.20 | 6.18 | 6.15 | 6.20 |
| સૂર્યાસ્ત | 19.18 | 19.15 | 19.13 | 19.20 |
| ચંદ્રોદય | 21.52 | 21.55 | 21.57 | 21.53 |

1. કયા શહેરોમાં સૂર્યોદયનો સમય સરખો છે?
2. કયા શહેરમાં સૂર્યાસ્ત સૌથી મોડો થાય છે ?
3. સૌથી વહેલો સૂર્યોદય થાય છે તેવું શહેર કયું છે?
4. સાંજ : સૂર્યાસ્ત :::: સવાર :............................
5. ક્યા શહેરમાં ચંદ્ર સૌથી વહેલો દેખાય છે?

(4) નીચે આપેલ ગુણપત્રક નો અભ્યાસ કરી પ્રશ્નના ઉત્તર લખો.

પ્રથમ સત્રાંત પરીક્ષા- ગુણ પત્રક      કુલ ગુણ -80      પાસ ગુણ-40

| | ગુજરાતી | ગણિત | અંગ્રેજી | વિજ્ઞાન |
|---|---|---|---|---|
| ખુશી | 59 | 57 | 40 | 58 |
| કૃપા | 68 | 39 | 59 | 40 |
| રાહુલ | 69 | 51 | 61 | 53 |
| અજય | 45 | 50 | 34 | 43 |

1. ગુજરાતીમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થી કોણ છે?
2. ઉપરોક્ત વિદ્યાર્થીઓમાંથી કોણ ક્યા વિષયમાં નાપાસ હશે?
3. કયા વિષયમાં ખુશીને સૌથી ઓછા ગુણ મળ્યા છે?
4. અંગ્રેજી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિધાર્થીઓ કોણ છે?
5. સારું પરિણામ ક્યાં વિષયનું જોઈ શકાય છે?

(5) નીચે આપેલ સમયપત્રક નો અભ્યાસ કરી પ્રશ્નના ઉત્તર લખો.

| ગુર્જર નગરી બસ : ગાંધીનગર થી વડોદરા | | |
|---|---|---|
| બસમથક | આવવાનો સમય | ઉપડવાનો સમય |
| ગાંધીનગર | 7.00 | 7.05 |
| અમદાવાદ | 8.15 | 8.25 |
| નડિયાદ | 10.00 | 10.05 |
| આણંદ | 10.55 | 11.00 |
| વડોદરા | 12.30 | .. |

**1.** તમારે અમદાવાદથી વડોદરા જવું છે તો તમે સ્ટેશન કેટલા વાગે પહોંચશો?
**2.** સૌથી વધુ સમય બસ ક્યાં રોકાય છે?
**3.** ગાંધીનગરથી નડિયાદ પહોંચતા બસને કેટલા કલાક લાગશે?
**4.** ગુર્જર નગરી બસનું અંતિમ સ્ટેશન કયું છે?
**5.** સૌથી વધુ અંતર કયા બે સ્ટેશનનું હશે?

**G 710 :** વિશેષ વ્યક્તિ, સંસ્થા, પરિચત,પ્રસંગો, સ્થળોની મુલાકાત લેશે અને પરિચિત પરિસ્થિતિ સંદર્ભે પોતાના અનુભવો વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે.

પ્રશ્ન-2 . નીચેનામાંથી કોઇ પણ એક વિભાગ પસંદ કરી માગ્યા મુજબ લખો. **(**ગુણ-5)

1. તમે જોયેલ નદી કે દરિયાકિનારા સંદર્ભે દસ વાક્યો લખો.
2. તમે કરેલા પ્રવાસનું વર્ણન દસ  લીટીમાં કરો.
3. ગ્રામ પંચાયતની મુલાકાત વખતે તમે સરપંચે સાથે શું ચર્ચા કરશો? લખો .
4. શિક્ષક દિન ઉજવણીના અનુભવ વિશે તમારા શબ્દોમાં લખો.
5. વનભોજનમાં તમને થયેલા અનુભવ વિશે વર્ણન કરો.

**G 719 :** સમાનાર્થી શબ્દો, વિરોધાર્થી શબ્દો, વચન, કાળ,વાક્યના પ્રકાર, સંજ્ઞા, વિશેષણ, વિરામચિન્હો કહેવતો,રૂઢિપ્રયોગ, જોડણી સહિત વ્યવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન: 3 આપેલ વિભાગોમાંથી કોઈપણ એક વિભાગ પસંદ કરી માગ્યા મુજબ લખો. **(**ગુણ-5)

વિભાગ 1

અ. નીચે આપેલ શબ્દ જૂથમાંથી અલગ પડતો શબ્દ શોધી લખો.

પાણી : વારિ, પાણિ, નીર, જળ

બ. રેખાંકિત શબ્દના સ્થાને રૂઢિપ્રયોગનો અર્થ મૂકી વાક્ય ફરીથી લખો

નવા બૂટ બનાવવાનું મન <u>પાકે પાયે કરી નાખ્યું</u>

ક. રેખાંકિત શબ્દ જવાબ તરીકે મળે એવો પ્રશ્ન બનાવો.

રામે રાવણનો વધ કર્યો

ડ. યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.

મેં પૂછ્યું મોબાઇલની કિંમત શી છે

ઇ. આપેલ વાક્યમાંથી ક્રિયાપદ શોધીને લખો.

ગણિત શિક્ષક ઘણું શીખવવાનો લોભ રાખતા.

વિભાગ - 2

અ. નીચે આપેલ શબ્દ જૂથમાંથી અલગ પડતો શબ્દ શોધી લખો.

દુઃખ : યાતના, કષ્ટ, પીડા, સુખ

બ. રેખાંકિત શબ્દના સ્થાને રૂઢિપ્રયોગનો અર્થ મૂકી વાક્ય ફરીથી લખો.

ભારતીય સૈનિકોએ <u>જાનની બાજી લગાવીને</u> સરહદી ચોકીની રક્ષા કરી.

ક. રેખાંકિત શબ્દ જવાબ તરીકે મળે એવો પ્રશ્ન બનાવો.

સરદાર વલ્લભભાઈ પટેલનો સ્વભાવ કડક હતો.

ડ. યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.

હા લાવો શા વાસ્તે નહિ વાંચીએ

ઇ. આપેલ વાક્યમાંથી કર્મ શોધીને લખો.

બરાબર પાંચ વાગ્યે એલાર્મ વાગ્યું.

વિભાગ - 3

નીચે આપેલ શબ્દ જૂથમાંથી અલગ પડતો શબ્દ શોધી લખો.

ધરા: જમીન, ધરતી, ભૂમિ, ધારા

બ. રેખાંકિત શબ્દના સ્થાને રૂઢિપ્રયોગનો અર્થ મૂકી વાક્ય ફરીથી લખો.

રમાએ ઘરે આવીને તેની માતાને શાળામાં ભાગ લીધેલ સ્પર્ધામાં તેનો નંબર આવ્યો તેની <u>વાત માંડીને કરી.</u>

ક. રેખાંકિત શબ્દ જવાબ તરીકે મળે એવો પ્રશ્ન બનાવો.

સરપંચના મૃત્યુથી આખું ગામ શોકમાં ડૂબી ગયું.

ડ. યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.

વાહ કેવું સુંદર દ્રશ્ય

ઇ. આપેલ વાક્યમાંથી ક્રિયાપદ શોધીને લખો.

માએ ખૂબ જ પ્રેમથી દીકરાના માથે હાથ ફેરવ્યો.

વિભાગ - 4

અ. નીચે આપેલ શબ્દ જૂથમાંથી અલગ પડતો શબ્દ શોધી લખો.

જનની: માતા, મા, માસી, જનેતા,

બ. રેખાંકિત શબ્દના સ્થાને રૂઢિપ્રયોગનો અર્થ મૂકી વાક્ય ફરીથી લખો.

મગર અને સિંહ વચ્ચે લડાઇ ચાલતી હતી ત્યાં જ કશાક નો <u>સંચય થયો</u>.

ક. રેખાંકિત શબ્દ જવાબ તરીકે મળે એવો પ્રશ્ન બનાવો.

મોહનને ગણિત વિષય ઘણો અઘરો લાગતો હતો.

ડ. યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.

ધીમહિ વિરંચ અને યજામિ ક્યાં જઈ રહ્યા છે

ઇ. આપેલ વાક્યમાંથી ક્રિયાપદ શોધીને લખો.

મનને રાકેશને પુસ્તક ભેટ આપ્યું.

## વિભાગ - 5

અ. નીચે આપેલ શબ્દ જૂથમાંથી અલગ પડતો શબ્દ શોધી લખો.

પર્વ : ઉજવણી, તહેવાર, ઉત્સવ, પરબ

બ. રેખાંકિત શબ્દના સ્થાને રૂઢિપ્રયોગનો અર્થ મૂકી વાક્ય ફરીથી લખો.

રમેશભાઇ ખૂબ જ ઝીણા જીવના હતા.

ક. રેખાંકિત શબ્દ જવાબ તરીકે મળે એવો પ્રશ્ન બનાવો.

કૃષ્ણ અને સુદામાની મિત્રતા અજોડ હતી.

ડ. યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.

રાજાએ કહ્યું સેવક અહીં આવ

ઇ. આપેલ વાક્યમાંથી ક્રિયાપદ શોધીને લખો.

આજે ધક્કા ખાધાનું દુઃખ ભૂલાઈ ગયું છે.

G718: સ્થાનિક સમસ્યાઓ કે સાંભળેલી સારી નરસી બાબતો કે વ્યક્તિગત મૂંઝવણ ભરી પરિસ્થિતિમાં યોગ્ય ઉકેલ શોધી લખે છે.

પ્રશ્ન: 4 નીચે આપેલ પ્રશ્નો પૈકી ગમે તે એક પ્રશ્ન લખો (ગુણ-5)

1. જીવરામ ભટ્ટ જેવા રતાંધળા વ્યક્તિને શી મુશ્કેલીઓ પડતી હશે?
2. તમારા વિસ્તારમાં એકાએક પાણી આવતું બંધ થઈ જાય તો તમને શી મુશ્કેલી પડે? તે મુશ્કેલી દૂર કરવા તમે શું કરશો?
3. તમારું પાલતુ પ્રાણી બીમાર પડી જાય તો તમે તેની શી સેવા-ચાકરી કરશો?
4. તમારો મિત્ર શિષ્યવૃત્તિની પરીક્ષા વિશે મૂંઝવણ અનુભવે છે, તમે તેને શી મદદ કરશો?કેમ?
5. તમારા મિત્રના અક્ષરો એકદમ ઝીણા અને ખરાબ છે, તેની આ સમસ્યા દૂર કરવા માટે તમે શું શું કરશો?

**G 716 :** સ્વતંત્ર લેખન કરે છે (મુદ્દા પરથી વાર્તા, કાવ્ય, ઉખાણા ,વિવિધ પત્રો,નિબંધ લેખન, અરજીલેખન, અહેવાલ લેખન, પ્રસંગ, પ્રેસનોટ, પ્રવાસ વર્ણન, આત્મકથા, ડાયરી) વગેરે લખે છે.

પ્રશ્ન-5 નીચેનામાંથી કોઇપણ એક વિષય પસંદ કરી માગ્યા મુજબ લખો. (ગુણ-5)

1. તમારી શાળામાં યોજાયેલ શિયાળુ રમતોત્સવનું વર્ણન કરતો પત્ર તમારા મામાને લખો.
2. તમારે પરિવાર સાથે પ્રવાસે જવું છે તો પાંચ દિવસ રજા માંગણીની અરજી તમારા આચાર્યને લખો.
3. તમારી શાળામાં યોજયેલ શાળા સ્થાપના દિનની ઉજવણી વિશે અહેવાલ લેખન કરો.

4. શબ્દનો ઉપયોગ કરી વાર્તા લખો - જંગલ- પ્રાણીઓ- જંગલનો રાજા -વૃક્ષો કાપવા -પ્રાણીઓની ચિંતા પ્રાણીઓનું પલાયન.
5. તમારી દિનચર્યા દસ-બાર વાક્યોમાં લખો